# ટેકાના ભાવે ખરીદીમાં ખેડૂતને મોટી રાહત

**હવે** એક ખેડૂત પાસેથી 175 મણ બાજરી, 125 મણ મકાઈ અને 85 મણ જુવારની ખરીદી થશે

ગાંધીનગર : ખેડૂતોના હિતમાં વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય લેતા સીએમ ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની ગુજરાત સરકારે ટેકાના ભાવે ખરીદવામાં આવતી બાજરી, મકાઈ અને જુવારની પ્રતિ ખેડૂત ખરીદી મર્યાદામાં નોંધપાત્ર વધારો જાહેર કર્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી હજારો ખેડૂતોને સીધો આર્થિક લાભ મળશે અને તેઓ પોતાની વધુ ઉપજ સરકારને ટેકાના ભાવે વેચી શકશે. રાજ્યના કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જાહેરાત કરતાં જણાવ્યું હતું કે, ખેડૂતોની રજૂઆતો અને કિસાન સંઘની માંગણીઓને ધ્યાને રાખીને સરકાર દ્વારા ખરીદી મર્યાદામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. કૃષિ મંત્રી, અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી રમણ સોલંકી અને કિસાન સંઘના પ્રતિનિધિઓ વચ્ચે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠક બાદ આ મહત્વપૂર્ણ નિર્ણય જાહેર કરવામાં આવ્યો છે.


**Dakshin Gujarat Vij Company Limited**
CIN U40102GJ2003SGC042909
**Regd. & Corp. Office : 'Urja Sadan',**
N. V. Road, Kapodara Char Rasta, Surat 395 006 GUJARAT
DGVCL Toll Free No. 19123 (or 1800 233 3003)

**Tender Notice**

Tenders are invited for "Providing canteen services at DGVCL Corporate Office, VIP Guest House, Tapi colony and Food catering services for Trainees of GEKC, DGVCL, Surat for Two years 2025-26". Tender is put up on https://tender.nprocure.com (For view, download and online submission) and www.dgvcl.com (For view & download only).

| Sr. No. | Tender No. | Estimated Cost |
|---|---|---|
| 1 | DGVCL/Corp./Civil/canteen 2026-27/ 305R | Rs.77,49,000.00 (Excl. GST) |

**Note**: Bidders may visit the above website/s for regular updates till opening of the tender. **ACE (P), DGVCL, Surat.**

**SURAT MUNICIPAL CORPORATION**
**SOLID WASTE MANAGEMENT**
**R.H.C. STORE,**
E-Tender Notice (On line) No. SWM/PHD/02/2026-27
FIT INDIA

Tenders are invited for following Sanitation Items on Item Rate on-line on https://smctender.nprocure.com From Interested Manufacturer / Authorize Dealer / Sub Dealer.

| | |
|---|---|
| Name of the Department | Solid Waste Management |
| No of Works | 01 |
| Total Estimate Cost | Rs. 26,27,000/- |

Tender documents are available https://smctender.nprocure.com The detail Tender Notice will be made available at above address and on website www.suratmunicipal.gov.in

No. P.R.O./69/2026-27 Medical Officer of Health
Date: 10/06/2026 Surat Municipal Corporation

GPCB
ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ
પર્યાવરણ ભવન, સેક્ટર ૧૦એ,
ગાંધીનગર-૩૮૨૦૧૦

**જાહેર સૂચના**

**ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ અને સુધારાના ચુસ્ત અમલ બાબત**

પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલયના નોટિફિકેશન નં. S.O.123(E) તા. ૧૪ ફેબ્રુઆરી, ૨૦૦૦ દ્વારા ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ પ્રસિદ્ધ કરેલ છે. જેનો મુખ્ય ઉદ્દેશ અવાજ ઉત્પન્ન કરતા સ્ત્રોતોનું નિયમન અને નિયંત્રણ કરીને ધ્વનિના માપદંડ જાળવવાનું છે. જે અંગેની જરૂરી માર્ગદર્શીકાઓ અને માહિતી CPCB ની વેબસાઇટ https://cpcb.nic.in/noise-pollution-rules પર ઉપલબ્ધ છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સમગ્ર રાજ્યમાં ધ્વનિ પ્રદૂષણના અસરકારક નિયંત્રણ માટે સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમમાં સાઉન્ડ લિમિટર ફરજિયાત લગાવવા બાબતે તા. ૦૩/૧૨/૨૦૧૯ના રોજ નોટિફિકેશન પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

આથી ગુજરાતની જાહેર જનતાને ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ અને સુધારાના ચુસ્ત અમલીકરણ કરવા તથા ધ્વનિના માપદંડ જાળવવા જણાવવામાં આવે છે.

આ ઉપરાંત સાઉન્ડ સિસ્ટમ/ પબ્લિક એડ્રેસ સિસ્ટમ/ ડીજે/ લાઉડ સ્પીકર વગેરે ઉપકરણો વગાડવા બાબતે ગૃહ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા વખતો વખત પરિપત્ર જાહેર કરી વિસ્તૃત માર્ગદર્શિકા પ્રસિધ્ધ કરવામાં આવેલ છે, જેનું પાલન કરવાનું રહેશે અને સક્ષમ સત્તાધિકારી પાસેથી ફરજિયાત પરવાનગી મેળવવાની રહેશે. તેમજ રાત્રિના ૧૦:૦૦ થી સવારના ૦૬:૦૦ વાગ્યા સુધી ડીજે/ લાઉડસ્પીકરનો ઉપયોગ કરવાનો રહેશે નહીં.

ઉપરોક્ત તમામ બાબતો તેમજ વખતો વખત ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમો, ૨૦૦૦ સંદર્ભે પ્રસિધ્ધ થયેલ નોટિફિકેશન/ પરિપત્રો/ માર્ગદર્શિકાઓનો ચુસ્ત પણે અમલ કરવા બાબતે જાહેર જનતાને અપીલ છે.

(દિપાલી ટાંક)
ક્રમાંક: માહિતી-સૂરત/૨૪૮/૨૦૨૬ સભ્ય સચિવ

बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda
ઝાંપા બજાર શાખા : જૂના મહિધરપુરા પોલીસ સ્ટેશન સામે, ટાવર રોડ, સુરત-૩૯૫૦૦૩ (ગુજરાત) ભારત. ફોન : ૦૨૬૧-૨૪૨૩૩૦૩, ૨૪૩૮૯૪૨ email : zampab@bankofbaroda.com

સરફેસી એક્ટ, ૨૦૦૨ ના સેક્શન ૧૩ ના સબ-સેક્શન (૨) હેઠળ દેવાદારને નોટીસ

પ્રતિ, ૧. શ્રી સોમનાથ કિશન અહેર (દેવાદાર અને ગીરવેદાર)
(અ) ઘર નં. ૧૨૭- જૂહિકા રેસીડન્સી ગામ.નનસાડ, શિવ વાટિકા નજીક, કામરેજ, સુરત- ૩૯૪૧૮૦.
(બ) પ્લોટ નં.૧૧૩, જૂહિકા રેસીડન્સી-૧, નનસાડ, કામરેજ, સુરત-૩૯૪૧૮૦.

[illegible]

તા.૨૫.૦૫.૨૦૨૬ | સ્થળ: સુરત અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, ઝાંપા બજાર શાખા.


**અનુસંધાન** ... પાના પહેલાનું

### મોદીએ સતત...

આ સિદ્ધિને લોકશાહી પ્રત્યે લોકોના સતત વિશ્વાસનું પ્રતિબિંબ ગણાવ્યું હતું. આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી એન. ચંદ્રબાબુ નાયડુએ જણાવ્યું હતું કે મોદીના 4,399 દિવસના સતત કાર્યકાળે દેશના વિકાસ અને વૈશ્વિક પ્રતિષ્ઠામાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું છે.

મોદીના સંસદીય મતવિસ્તાર વારાણસીમાં પ્રાર્થના સભાઓ અને વિવિધ જાહેર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે તેમના વતન રાજ્ય ગુજરાતના વિવિધ મંદિરોમાં મહા આરતીનું આયોજન કરાયું હતું.

**મોદી દેશ માટે બોજરૂપ સાબિત થયા છે: કોંગ્રેસ**

કોંગ્રેસે મોદી પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું કે તેમણે ભલે 'સ્વયંઘોષિત અને શંકાસ્પદ રીતે ઊભી કરાયેલી એક ઐતિહાસિક સિદ્ધિ' હાંસલ કરી હોવાનું કહેવાય રહ્યું છે, પરંતુ તેઓ દેશ માટે બોજરૂપ સાબિત થયા છે અને તેમના શાસનમાં લોકશાહીની હત્યા થઈ રહી છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશે કહ્યું કે નેહરુ 15 ઓગસ્ટ, 1947 ના રોજ એક શાનદાર મંત્રીમંડળની અધ્યક્ષતામાં ભારતના વડા પ્રધાન બન્યા - જે વિશ્વમાં ભાગ્યે જ જોવા મળ્યું છે.

**12 વર્ષમાં ભારતની પ્રતિષ્ઠા અને સાંસ્કૃતિક ગૌરવ વધ્યું: અમિત શાહ**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું કે મોદી સરકારના 12 વર્ષ ભારતનું ગૌરવ પુનઃસ્થાપિત કરવા, સાંસ્કૃતિક પુનર્જાગરણ લાવવા અને ગુલામીની માનસિકતામાંથી દેશને મુક્ત કરવા માટે સમર્પિત રહ્યા છે. તેમણે કહ્યું કે આ સમયગાળા દરમિયાન દેશની સરહદો વધુ સુરક્ષિત બની, કાશ્મીરમાંથી કલમ 370 દૂર કરવામાં આવી, રામ મંદિરનું નિર્માણ થયું તેમજ નક્સલવાદ અને આતંકવાદ સામે અસરકારક કાર્યવાહી કરવામાં આવી. સાથે જ દેશે પોતાની સંસ્કૃતિ, વારસા અને ક્ષમતાઓ પર ગૌરવ અનુભવવાનું શીખ્યું છે.

આ પ્રસંગે એક બુકલેટ જાહેર કરાઈ

આ પ્રસંગે જાહેર કરાયેલી એક પુસ્તિકા અનુસાર, છેલ્લા 12 વર્ષ દરમિયાન આવકવેરાના બોજમાં થયેલો ઘટાડો સરકારની 'રામરાજ્ય'ની પરિકલ્પનાને પ્રતિબિંબિત કરે છે. પુસ્તિકામાં જણાવાયું છે કે GST, ફેસલેસ ટેક્સ અને ડિજિટલ ઈન્ડિયા જેવા સુધારાઓએ જાહેર વ્યવસ્થા પ્રત્યે લોકોનો વિશ્વાસ મજબૂત બનાવ્યો છે, જે ભારતને 5 ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવાના લક્ષ્યને હાંસલ કરવામાં મદદરૂપ બનશે.

### પ્રમુખ ડોનાલ્ડ...

કર્યો છે. ઉપરાંત ઈરાનમાંથી તેલ લઈ જવાનો પ્રયાસ કરતું એક ટેન્કર પણ નિશાન બનાવાયું હતું. બીજી તરફ ઈરાને દાવો કર્યો કે અમેરિકી હુમલામાં દક્ષિણના સિરીક શહેરના બે જળાશયો ક્ષતિગ્રસ્ત થયા હોવાથી હજારો લોકોના પાણી પુરવઠા પર અસર થઈ છે. ઈરાને અમેરિકી હુમલાઓને પોતાની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવતાં જવાબી કાર્યવાહીની ચેતવણી આપી છે. આ દરમિયાન કતારનું પ્રતિનિધિમંડળ તેહરાન પહોંચ્યું છે અને યુદ્ધ સમાપ્ત કરવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ છે. જોકે અમેરિકા ઈરાન પાસે ઉચ્ચ સ્તરે સંવર્ધિત યુરેનિયમનો જથ્થો છોડવાની માગ પર અડગ છે, જ્યારે ઈરાન પ્રતિબંધોમાં રાહત અને જપ્ત સંપત્તિ મુક્ત કરવાની માગ કરી રહ્યું હોવાથી સમાધાનનો માર્ગ હજુ મુશ્કેલ દેખાઈ રહ્યો છે.

### ઓમાન કાંઠે...

આ ટેન્કર ઈરાનમાંથી તેલ પરિવહન કરવાનો પ્રયાસ કરી રહ્યું હતું અને અમેરિકી નાકાબંધીનું ઉલ્લંઘન કરી રહ્યું હતું. અમેરિકી વિમાન દ્વારા જહાજના એન્જિન રૂમને નિશાન બનાવી હુમલો કરવામાં આવ્યો હતો, જેના કારણે આગ લાગી હતી. ઘટના સમયે ટેન્કર ઓમાનના સોહાર બંદરથી આશરે 37 કિલોમીટર દૂર હતું. ભારતે આ હુમલાની નિંદા કરતાં કહ્યું છે કે પશ્ચિમ એશિયામાં વ્યાવસાયિક જહાજો અને નાગરિક માળખાંને નિશાન બનાવવાનું તાત્કાલિક બંધ થવું જોઈએ. આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં નિર્વિઘ્ન અને સુરક્ષિત અવરજવર પુનઃસ્થાપિત કરવા તેમજ પ્રદેશમાં તણાવ ઘટાડવા માટે રાજદ્વારી ઉકેલ લાવવાની પણ ભારતે અપીલ કરી છે.


**વડોદરા મહાનગરપાલિકા**
www.vmc.gov.in
**ઈ- ટેન્ડરીંગ જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૧૫૪/૨૬-૨૭ | આરોગ્ય વિભાગ | ૦૧ | ૧,૫૦,૦૦,૦૦૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૧૬૪/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

**જાહેર નોટીસ**

આથી જાહેર નોટીશ આપવામાં આવે છે. કે, કામરેજ પો.સ્ટે. ગુ.ર.નં. (૧) II ૯૪/૨૦૦૬ ધ ગુજરાત પશુસંરક્ષણ સુધારો અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૬(ખ),૮(૪) મુજબ ટાટા સુમો નં GJ-06-AA-6731 (૨) II ૧૮૯/૧૭ ધ ગુજરાત પશુસંરક્ષણ સુધારો અધિનીયમ ૨૦૧૭ ની કલમ ૬(ખ), ૮(૪)મુજબ મહેન્દ્રા ઝાયલો નં. GJ-05-CM-0591 (3) II ગુ.ર.નં ૨૪૯/૨૦૧૪ ગુજરાત પશુ સરંક્ષણ અધિનિયમ ૨૦૧૧ ની કલમ૬ ૫(૧),(ક), ૬ (ક), (ખ) ૮ મુજબ પીક અપ વાનનં. GJ-05-BT- 7509 (૪) II ગુ.ર.નં ૩૫૬/૨૦૧૭ ગુજરાત પશુ સરંક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧૧ ની કલમ ૫, ૬, (ક),(ખ) ૮મુજબ સ્વીફટ કાર નં.GJ-21-AA-7835 (૫) II ગુ.ર.નં.૨૪૮/૨૦૧૬, પશુ સંરક્ષણ અધિનિયમ સને ૨૦૧૧ ની કલમ ૫(૧) (ક),૬(ક,ખ) ૮ મુજબ ઈકો કાર નંબર નથી. મુજબના વાહનો કામરેજ પો.સ્ટે ખાતે ઘણા લાબા સમયથી પડી રહેલ હોઇ તમામ વાહન માલિકો દિન-૨ માં જરૂરી આધાર પુરાવા સાથે સદર વાહનો કામરેજ પો.સ્ટે થી છોડાવી જવા તેમ કરવામાં કસુર/ચુક થયેથી સદર તમામ પાંચ વાહનો ની હરાજી કરી નાણાં સરકારશ્રીમાં જમાં કરવામાં આવશે જે હીત ધારકોએ નોંધ લેવા વિનંતી. તા.૨૭/૦૫/૨૦૨૬

સંપર્ક:- કામરેજ પોલિસ સ્ટેશન
(ટે.નં) ૦૨૬૨૧ ૨૫૨૦૯૪.
ઈ-મેઈલ:- polstn-kamrej-sur@gujrat.gov.in

(આર.બી ગોજીયા)
પોલીસ ઇન્સ્પેક્ટર
કામરેજ પોલીસ સ્ટેશન

ક્રમાંક: માહિતી-સૂરત/૨૫૦/૨૦૨૬

**જાહેર હરાજી**

આથી ભંગારના વેપારી તથા જૂના વાહનો ખરીદવા રસ ધરાવતા વેપારીઓને જણાવવાનુ કે, પાંડેસરા પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે જી.પી.એક્ટ.૮૨(ક), સી.આર.પી.સી.૪૧(૧) ડી, ૧૦૨ તથા M.V Act-૨૦૭ મુજબ પો.સ્ટે.માં કબજે/ડીટેન લીધેલ વાહનોની જાહેર હરાજી તા.૨૦/૦૬/૨૦૨૬ ના રોજ સવારના કલાક ૧૦/૦૦ વાગે પાંડેસરા પોલીસ સ્ટેશન સુરત શહેર ખાતે રાખવામાં આવેલ છે. જેથી રસ ધરાવતા વેપારીઓ કે, અરજદારે અરજી દીઠ અલગ-અલગ રૂ.૫૦,૦૦૦/- (પચાસ હજાર પુરા) પોલીસ કમિશ્નર શ્રી સુરત શહેરના નામથી ડીપોઝીટ ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી.) દ્વારા અત્રેની કચેરીએ તા.૧૯/૦૬/૨૦૨૬ ના રોજ કચેરી સમય દરમ્યાન ભરવાની રહેશે ત્યારબાદ જ હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે અને હરાજીનો માલ જે સ્થિતીમાં હશે તે જ સ્થિતીમાં સુપ્રત કરવામાં આવશે હરાજી પૂર્ણ થવાથી હરાજીમાં ઉંચી બોલી બોલનાર ઇસમની માંગણી મુજબ સૌથી વધુ બોલી બોલનાર ઇસમ પાસેથી સ્થળ ઉપર ૨૫% રકમ તથા લાગુ પડતા ટેક્ષની રકમ તુરંત જ ભરપાઇ કરવાની રહેશે હરાજીની શરતો હરાજીના સમયે વાંચી સંભળાવવામાં આવશે. હરાજીમાં ભાગ લેનાર ઇજારદારોએ (૧) પોતાના પેઢીના GST સર્ટીની પ્રમાણિત નકલ (૨) પાનકાર્ડની પ્રમાણિત નકલ (૩) આધારકાર્ડની પ્રમાણિત નકલ (૪) પોતાના રહેઠાણના લાઇટબીલ સાથે રજુ કરવાના રહેશે (૫) સદર વાહનનો માત્ર સ્કેપ (ભંગાર) તરીકેજ ઉપયોગ કરવાનો રહેશે, જે અંગે નોંધ લેશો. તા.૧૦/૦૬/૨૦૨૬

(કે.ડી.જાડેજા)
પોલીસ ઇન્સ્પેક્ટર
પાંડેસરા પોલીસ સ્ટેશન
ક્રમાંક: માહિતી-સૂરત/૨૪૯/૨૦૨૬ સુરત શહેર











# પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાની સુવર્ણ તક ઊભી થઈ છે



**ભા**રતના ભાગલા થયા ત્યારે પાકિસ્તાને કાશ્મીરના એક ભાગ પર અનધિકૃત રીતે કબજો જમાવી દીધો હતો. આ ભાગ નકશામાં ભારતમાં દેખાડવામાં આવે છે પણ તેના પર હકીકતમાં પાકિસ્તાનનો કબજો છે. પાકિસ્તાન આ ભાગને આઝાદ કાશ્મીર તરીકે ઓળખાવે છે પણ હકીકતમાં ત્યાંનાં લોકો પાકિસ્તાનના ગુલામની જેમ જીવે છે. આ કાશ્મીર માટે ભારતની સંસદમાં બેઠકો ખાલી રાખવામાં આવે છે અને તેને ભારતમાં ભેળવી દેવાનો ઉચ્ચાર ભાજપના નેતાઓ વારંવાર કરતાં હોય છે. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને જો ભારતમાં ભેળવી દેવું હોય તો તેના માટે સુવર્ણ તક તાજેતરમાં પેદા થઈ છે. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં વ્યાપક અશાંતિ ફેલાઈ રહી છે. સંયુક્ત આવામી કાર્યવાહી સમિતિ (JAAC) એ ૩૮ અધૂરી માંગણીઓ માટે દબાણ લાવવા માટે ૯ જૂને લોકડાઉન વિરોધી વિશાળ વિરોધ પ્રદર્શન કર્યું છે, જેના કારણે આ પ્રદેશમાં તણાવપૂર્ણ પરિસ્થિતિ સર્જાઈ છે. PoK માં ભૂતકાળમાં પણ હિંસક ઘટનાઓ જોવા મળી છે, જેમાં સુરક્ષા દળો દ્વારા JAAC નેતાની હત્યા, ઇન્ટરનેટ બ્લેકઆઉટ અને વિદ્રોહી જૂથ પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. આ પરિસ્થિતિ હોવા છતાં PoK માં લોકો હજુ પણ વીજળીની અછત, ફુગાવા, બેરોજગારી, સંસાધનોનો નાશ અને રાજકીય ભેદભાવથી પીડાઈ રહ્યા છે.

પીઓકેમાં ટેલિકોમ અને ઇન્ટરનેટ સેવાઓ સ્થગિત કરવામાં આવી છે, જ્યારે મુઝફ્ફરાબાદમાં પાકિસ્તાન ફેડરલ પોલીસ અને પાકિસ્તાન રેન્જર્સની વધારાની ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. પાકિસ્તાની અધિકારીઓએ JAAC પર પ્રતિબંધ મૂક્યો છે અને તેના પર આતંકવાદમાં સામેલ થવાનો અને રાજ્યમાં અરાજકતા ફેલાવવાનો આરોપ મૂક્યો છે. આ ઘટનાઓથી આગામી દિવસોમાં આ પ્રદેશમાં અશાંતિનો બીજો મોટો તબક્કો ફરી એક વાર જોવા મળી શકે છે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી છે. પાકિસ્તાને બંધારણીય, ચૂંટણી અને શાસન સુધારા અંગેનાં પોતાનાં વચનો પૂર્ણ કર્યાં નથી અને આંદોલનને નબળું પાડવાનો પ્રયાસ કર્યો છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાકિસ્તાન સરકારના અત્યાચારો સામે કાશ્મીરીઓએ બળવો શરૂ કર્યો છે. આવી સ્થિતિમાં PoK માં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. શુક્રવારે મોટી સંખ્યામાં કાશ્મીરીઓ પાકિસ્તાન વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરવા માટે રસ્તા પર ઊતરી આવ્યાં હતાં. ત્યારબાદ પાકિસ્તાન સરકારે કાશ્મીરીઓનો અવાજ દબાવવા માટે ભારે દળો તૈનાત કર્યા હતા. આ દરમિયાન કાશ્મીરીઓ પર ગોળીબાર થયાના પણ અહેવાલો આવ્યા છે. ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે પાકિસ્તાની દળો રાઈફલથી ગોળીઓ ચલાવી રહ્યા છે. મિડલ ઇસ્ટ મીડિયા રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટના એક અહેવાલ મુજબ ૩૮ મુદ્દાના ચાર્ટરમાં લોટ સબસિડી પુનઃસ્થાપિત કરવા અને ફુગાવાને નિયંત્રિત કરવા, ન્યાયાધીશો અને સરકારી કર્મચારીઓને આપવામાં આવેલી વિશેષ સત્તાઓ સમાપ્ત કરવા, અન્યાયી કર પાછો ખેંચવા અને પાકિસ્તાનની સંઘીય સરકારમાં કાશ્મીરીઓ માટે નોકરીઓ અનામત રાખવા જેવી માંગણીઓ સામેલ છે. તેમાં વેપારીઓને નાણાંકીય સહાય, સ્ટેટ બેંક ઓફ પાકિસ્તાન સાથે પીઓકે બેંકનું વિલીનીકરણ રદ કરવા, ટોલ પ્લાઝા નાબૂદ કરવા, લાકડાની દાણચોરી પર પ્રતિબંધ અને વિવિધ શહેરોમાં વિદ્યાર્થી છાત્રાલયોના નિર્માણની માંગણી કરવામાં આવી છે.

જેકે-જેએએસી કોર કમિટીના સભ્ય સરદાર ઉમર નઝીર કાશ્મીરીએ પણ આંતરરાષ્ટ્રીય મીડિયા અને વૈશ્વિક માનવાધિકાર સંગઠનોને પીઓકેમાં ચાલી રહેલા સંકટનો ઉકેલ લાવવા અપીલ કરી છે. JAAC એ લાંબા બંધની તૈયારીમાં લોકોને ઓછામાં ઓછા એક

**દૃષ્ટિ પોઇન્ટ**
■ સંજય વોરા ■

મહિના માટે આવશ્યક ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની અપીલ કરી છે. તેણે જાહેરાત કરી છે કે જ્યાં સુધી સરકાર તેમની માંગણીઓ પૂર્ણ ન કરે ત્યાં સુધી આ વિસ્તારમાં કોઈ પણ રાજકીય રેલીઓને મંજૂરી આપવામાં આવશે નહીં. પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે)નાં લોકો ઇસ્લામાબાદના અત્યાચારોથી કંટાળી ગયા છે. દાયકાઓથી પાકિસ્તાન તેમની સાથે બીજા વર્ગનાં નાગરિકો જેવું વર્તન કરે છે. મુઝફ્ફરાબાદમાં એક રેલીને સંબોધતાં પીઓકેના રાજકીય કાર્યકરોએ ખુલ્લેઆમ પાકિસ્તાની સૈન્ય અને સરકાર સામે પોતાનો ગુસ્સો અને દુઃખ વ્યક્ત કર્યું હતું. પીઓકેમાં ચાલી રહેલાં વિરોધ પ્રદર્શનોનું લાંબા સમયથી નેતૃત્વ કરી રહેલા રાજકીય કાર્યકર્તા અને નેતા તૌકીર ગિલાનીએ કહ્યું કે પાકિસ્તાની વહીવટીતંત્ર કહે છે કે તેઓ અમારી સાથે ઊભા રહેશે અને હંમેશા પીઓકેનાં નાગરિકોના અધિકારો માટે લડશે, પરંતુ પાકિસ્તાનની સ્થાપના થઈ ત્યારથી જ પાકિસ્તાન આપણું દુશ્મન રહ્યું છે. તમે અફઘાનિસ્તાનનાં લોકોને પૂછી શકો છો, તમે પેલેસ્ટિનિયનોને પૂછી શકો છો અને તમે અમને અત્યાચારો વિશે પણ પૂછી શકો છો.

રેલીને સંબોધતા ગિલાનીએ કહ્યું કે આજે પાકિસ્તાની શાસન આપણી વાત સાંભળવા અને આપણે જે સ્વતંત્રતા માંગીએ છીએ તેને આપવા તૈયાર નથી. અહીંનું શાસન આપણને પાકિસ્તાનવિરોધી અને ઇસ્લામ વિરોધી કહે છે. પાકિસ્તાનનો એકમાત્ર ઇરાદો આપણા અધિકારો છીનવી લેવાનો છે, પરંતુ પીઓકેનાં લોકો હવે આ સહન કરશે નહીં. પીઓકેનાં લોકો વધુ જાગૃત થઈ ગયાં છે. આપણે અવાજ ઉઠાવવામાં કોઈ કસર છોડીશું નહીં. કુદરતી સંસાધનોની ચોરી PoK માટે સૌથી મોટો ખતરો છે, જે ૧૯૪૮ થી પાકિસ્તાનના કબજા હેઠળ છે. પાકિસ્તાને ખૈબર પખ્તુનખ્વાના રાષ્ટ્રીય નેતાઓને પણ બક્ષ્યા નહીં, જેમણે ઘણી વખત દેશની સેવા કરી છે. તેમને દેશદ્રોહી જાહેર કર્યા છે અને જેલમાં ધકેલી દીધા છે. પાકિસ્તાનનું વહીવટીતંત્ર હવે રાજકીય પક્ષોને તોડી નાખવામાં અને આપણી સંસ્કૃતિઓ અને પરંપરાઓનો નાશ કરવામાં વ્યસ્ત છે.

પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ના રાવલકોટ વિસ્તારમાં શાંતિપૂર્ણ પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળો દ્વારા કથિત ગોળીબાર પર ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી છે. યુનાઇટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીએ સોમવારે આ ઘટનાની સખત નિંદા કરી અને તેને નરસંહાર ગણાવ્યો હતો. યુકેપીએનપી અનુસાર રવિવાર રાત્રે બનેલી આ ઘટનામાં ઘણાં વિરોધીઓ માર્યા ગયા અને ઘણાં ઘાયલ થયાં હતાં. શાંતિપ્રિય લોકો સામે બળનો ઉપયોગ લોકશાહી મૂલ્યોની વિરુદ્ધ છે. વિરોધ પ્રદર્શન હવે રાવલકોટ પૂરતું મર્યાદિત નથી. મુઝફ્ફરાબાદ, મીરપુર, ટાટા પાણી અને પ્લાંડ્રી સહિત અનેક વિસ્તારોમાં દેખાવો અને બંધનું એલાન આપવામાં આવ્યું છે. પ્લાંડ્રીમાં પણ પ્રદર્શનકારીઓએ મુખ્ય રસ્તાઓ બ્લોક કર્યા હોવાના અહેવાલ છે. વિદેશમાં રહેતા કાશ્મીરી સમુદાયે પણ PoKમાં બગડતી પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી છે. બ્રિટનમાં એકતા પ્રદર્શનો યોજવામાં આવ્યા છે, જ્યારે અમેરિકા અને ઓસ્ટ્રેલિયાએ વિવિધ આંતરરાષ્ટ્રીય મંચો પર કાશ્મીરના આ ક્ષેત્રમાં માનવ અધિકારોનો મુદ્દો ઉઠાવ્યો છે. PoKમાંથી આવી રહેલા સમાચાર અંગે ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે કહ્યું કે ''ભારતે પાકિસ્તાન તરફથી આવતા નકલી સમાચાર અને વીડિયોનો નમૂનો જોયો છે.ઇસ્લામાબાદ પોતાની નિષ્ફળતાઓ છુપાવવા માટે આનો ઉપયોગ કરી રહ્યું છે. તાજેતરના વિરોધ પ્રદર્શનો દરમિયાન ઘણા નાગરિકો માર્યા ગયાં હતાં અને અન્ય ઘાયલ થયાં હતાં. પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ગંભીર પોલીસ બર્બરતાના અહેવાલો છે. અમને આશા છે કે આંતરરાષ્ટ્રીય સમુદાય પાકિસ્તાનને તેનાં દુષ્કૃત્યો માટે જવાબદાર ઠેરવશે.''હવે ભારતે આક્રમક બનીને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરને ભારતમાં ભેળવી દેવાની જરૂર છે.

**- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.**

**પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં પાકિસ્તાન સરકારના અત્યાચારો સામે કાશ્મીરીઓએ બળવો શરૂ કર્યો છે. આવી સ્થિતિમાં PoK માં યુદ્ધ જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે**


**જાહેર નોટિસ**

GODREJ FINANCE
**ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ**

**માંગણી નોટિસ**

[illegible]

તારીખ: જૂન 11, 2026 સ્થળ: સુરત (અધિકૃત અધિકારી), ગોદરેજ ફાઇનાન્સ લિમિટેડ


